**મંડળની જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧-૨૨ જુનીયર કલાર્ક(વહીવટ/હીસાબ) અંતર્ગત દિવ્યાંગ ઉમેદવારો માટે અગત્યની જાહેરાત**

મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧-૨૨ જુનીયર કલાર્ક(વહીવટ/હિસાબ) સંવર્ગમાં સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૮-૨-૨૦૨૨ થી તા. ૮-૩-૨૦૨૨ દરમ્યાન ઓનલાઇન અરજીપત્રકો મંગાવવા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પંચાયત વિભાગના ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા) તા.૨૩-૨-૨૦૨૨ થી "જુનીયર કલાર્ક, વર્ગ-૩" સંવર્ગની "C" કેટેગરીમાં "BL(BOTH LEG)" નો સમાવેશ કરવામાં આવેલ છે.

પંચાયત વિભાગના ઉપરોકત તા.૨૩-૨-૨૦૨૨ ના ઠરાવને ધ્યાનમાં લેતાં મંડળ ધ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેરાત ક્રમાંક ૧૨/૨૦૨૧-૨૨ જુનીયર કલાર્ક(વહીવટ/હિસાબ) સંવર્ગમાં "BL(BOTH LEG)" પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો પણ હવે ઓનલાઇન અરજી કરી શકશે, જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

"મંડળના આદેશાનુસાર "

તા.૨૩-૦૨-૨૦૨૨ સચિવ

પંચાયત સેવા વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

**ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા.)**

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૨/૨૦૨૨

23 FEB 2022

**વંચાણે લીધા :**

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 38-16/2020-DD-III, તા.૦૪/૦૧/૨૦૨૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક : અપગ/૧૧૨૦૨૦/૪૭૩૯૨/છ-૧(પાર્ટ -૪)

(3) ડિસેબિલિટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમના સભ્યોની તા.૨૩/૦૨/૨૦૨૨ની રજુઆત.

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : અપગ/ ૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા.) તા.૦૬/૦૯/૨૦૨૧.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમ ૧ માં ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે જેમાં કલાર્ક કમ એન્ટ્રી ઓપરેટર માટે BL (BOTH LEG)ની વિકલાંગતાને માન્ય ગણેલ છે.

વંચાણે લીધેલ ક્રમ ૨ ના પરિપત્ર મુજબ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે. આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે તે મુજબની જોગવાઇ થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમ ૩ ની રજુઆત ધ્યાને લેતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ ૪ ના ઠરાવના ક્રમ નં.૧૩ જુનિયર કલાર્ક,વર્ગ-૩ સંવર્ગની C કેટેગરીમાં "BL (BOTH LEG)" નો સમાવેશ કરવાનો થાય છે. જે બાબત સરકારશ્રીના ધ્યાન પર આવતા નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

**સુધારા ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમ ૧ માં ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાની જોગવાઇ વંચાણે લીધેલ ક્રમ ૨ ના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ પરિપત્રની જોગવાઇ ધ્યાને લેતાં તેમજ વંચાણે લીધેલ ક્રમ ૩ ડિસેબિલિટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમના સભ્યોની તા.૨૩/૦૨/૨૦૨૨ની રજુઆત ધ્યાને લેતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ ૪ ના ઠરાવના ક્રમ નં. ૧૩ "જુનિયર કલાર્ક, વર્ગ-૩" સંવર્ગની "C" કેટેગરીમાં "BL (BOTH LEG )"નો સમાવેશ કરવામાં આવે છે.

વધુમાં, વિભાગના વંચાણે લીધેલ ક્રમ નં. ૪ ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૩/ ૧૮૯૦ /ખ (પા.ફા.) તા.૦૬/૦૯/૨૦૨૧ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશુતોષ દેવડા)
સેક્શન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારશ્રીઓ
- કોર્ટ ઓફ કમિશ્નર (દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) ગુજરાત રાજ્ય,કર્મયોગી ભવન, બ્લોક નંર. ગ્રાઉન્ડ ફ્લોર,ડી વિંગ-૧,સેક્ટર-૧૦ ગાંધીનગર ૩૮૨૦૧૦ તરફ જાણ સારૂ.
- ડિસેબિલિટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમ ,બી-૧,શુભલક્ષ્મી ફ્લેટ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૧૫.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, કર્મયોગી ભવન, બ્લોક નં.૨/૫ મો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ
- શાખા સીલેક્ટ ફાઇલ